# <u>વસંત પંચમીના પર્વ અને સરસ્વતી દેવીજીના પૂજનનો અહેવાલ</u>

વસંત પંચમીના પર્વ અને સરસ્વતી દેવીજીના પૂજનના પાવન પર્વ નિમિત્તે ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટી અંતર્ગત ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ અને Extension Activity Cell દ્વારા **તા.16/02/2021 ને મંગળવારના રોજ સવારે 10:30 કલાકે** એકેડેમિક સ્કુલમાં આયોજન કરેલ. આ કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના માન.કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય, તમામ નિયામકશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, કર્મચારીશ્રીઓ હાજર રહ્યાં હતાં. સૌ પ્રથમ વસંત પંચમીના પાવન પર્વ નિમિત્તે યુનિવર્સિટીના માન.કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયજીના પાવન હસ્તે સરસ્વતી દેવીજીનું પૂજન કરવામાં આવ્યું અને તેમને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ કા. કુલસચિવશ્રી અને દરેક નિયામકશ્રીઓ દ્વારા પણ સરસ્વતી દેવીજીનું પૂજન અને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

યુનિવર્સિટીના માન.કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયજી દ્વારા Extension Activity Cell તરફથી મજૂરવર્ગના બાળકોને શિક્ષણ આપવાના હેતુથી સ્લેટ, પેન અને ચિત્રકામના પુસ્તકોને ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી. માન.કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયજીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, “ જરૂરીયાત મંદ બાળકોને ભણાવવું એ ખૂબ જ સુંદર કાર્ય છે. અને તે બાળકોને યોગ્ય શિક્ષણ મળી રહે તે માટે રોજનો સમય ફાળવવાની વિનંતી કરવામાં આવી હતી.” ત્યારબાદ માન.કુલપતિશ્રી દ્વારા બાળકો જોડે વાતચીત કરી તેમનામાં રહેલી રુચિઓ વિશે જાણી તેમની રુચિઓને ધ્યાને તે પ્રમાણે શિક્ષણ આપવામાં આવ્યું. દરેક બાળકને પ્રાથમિક શિક્ષણ આપવામાં આપ્યું અને ડૉ. સ્વાતિ શાહ (આસિસ્ટન્ટ પ્રોફેસર- સંસ્કૃત) દ્વારા વાર્તા કથન કરવામાં આવ્યું હતું. દરરોજ દરેક ફેકલ્ટી એ આ જરૂરીયાત મંદ બાળકોને અક્ષર જ્ઞાન આપવા માટે એક કલાક ફાળવવો તેવો Extension Activity Cell દ્વારા નિર્ણય લેવામાં આવ્યો. જેથી તે બાળકોને ખૂબ જ સુંદર અને સચોટ જ્ઞાન મળી રહે.

કાર્યક્રમના અંતમાં ડૉ. પ્રિયાંકી વ્યાસે (એસોસિયેટ પ્રોફેસર – લાયબ્રેરી સાયન્સ) સહભાગી થયેલ દરેક સભ્યોને આનંદ અને ઉત્સાહપૂર્વક આવકાર્યા હતાં. યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય, નિયામકશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, કર્મચારીશ્રીઓનું આભાર વ્યક્ત કરી આ કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. આ કાર્યક્રમનો સંપૂર્ણ સંચાલન ડૉ. પ્રિયાંકી વ્યાસ (એસોસિયેટ પ્રોફેસર – લાયબ્રેરી સાયન્સ) અને ડૉ. સોનલ ચૌધરી (આસિસ્ટન્ટ પ્રોફેસર- ઈતિહાસ) દ્વારા કરવામાં આવી હતી.

આવા કાર્યક્રમના માર્ગદર્શન અને મંજૂરી આપવા બદલ અમે સૌ માનનીય કુલપતિશ્રી પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાયજીનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.















Open
Date :


Extension Activities







